# <u>સકસેસ સ્ટોરી (૪)</u>

**<u>કેસ નં.૩૯૦/૦૯</u>**

અરજદારઃ શ્રી  તારીક હુસેન ઉસ્માનમીંયા કાદરી, સાવરકુંડલા,
વિ.
પ્રતિવાદીઃ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, સાવરકુંડલા

અરજદારશ્રી તારીકહુસેન ઉપરોકત પ્રતિવાદી પક્ષની સંસ્થામાં વિદ્યુત સહાયક (હેલ્પર) તરીકે નોકરી કરતા હતા. ચાલુ ફરજ દરમ્યાન અરજદારને અકસ્માત થતાં તેમને ૮૦% શારીરિક વિકલાંગતા આવતાં તેઓ પથારીવશ થયેલ. માંદગી બાબતના તમામ કાગળો અને વિકલાંગતા બાબતના પ્રમાણપત્ર અરજદારે રજુ કરેલ છતાં પ્રતિવાદી સંસ્થા દવારા અરજદારને મળવાપાત્ર પગાર, મેડીકલ ખર્ચ અને અન્ય લાભો આપેલ ન હતા.

પ્રતિવાદી પક્ષ તરફથી તેમને મળવાપાત્ર લાભો ન મળતાં નાછૂટકે અરજદારશ્રીએ ઉપરોત પ્રતિવાદી પક્ષની વિરૂધ્ધમાં લેખિત ફરિયાદ આ ન્યાયીક ફોરમ સમક્ષ વિકલાંગ ધારા, ૧૯૯૫ની કલમ–૨(ટી), ૪૭, ૬૧, ૬૨ અને ૬૩ હેઠળ કરતાં,  તે ફરિયાદના આધારે અરજદાર અને પ્રતિવાદી સંસ્થાની હાજરીમાં અરજીની સુનાવણી કમિશ્નરશ્રીએ હાથ ધરેલ. સુનાવણી બાદ કમિશ્નરશ્રીએ આદેશ કરી અરજદારને મળવાપાત્ર તમામ લાભો સમયસર આપવા પ્રતિવાદી સંસ્થાએ કાળજી રાખેલ નથી અને અરજદાર હાલ પથારીવશ છે અને તેમની આર્થિક પરિસ્થિતિ સારી નથી ત્યારે તેમના મેડીકલ બીલો અને અન્ય લાભો તાત્કાલીક ચુકવવા અને તે રીતે સમયસર હુકમો કરતા આદેશો કરેલ હતા. તે રીતે કમિશ્નરશ્રીના ચુકાદા મુજબ પ્રતિવાદી સંસ્થા દવારા આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરેલ છે અને તે રીતે અરજદારને ન્યાય અપાવેલ છે.